
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS




દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.


**સંપાદક**

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[AUGUST-2019]
[18/08 to 24/08]

# WEEK-34

## CURRENT TOPIC

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભૂટાનની મુલાકાત
- વાયુ પ્રદૂષણ માટે હાનિકારક સલ્ફર ડાયોક્સાઈડના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે
- ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા SARAL ઈન્ડેક્ષ લોન્ચ
- વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ 'નિષ્ઠા' લોન્ચ
- ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે શ્રી રાજીવ ગૌબાની નિમણૂક
- FATF દ્વારા પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

18 AUGUST, 2019 SUNDAY

## ➤ પાંચ PSLVના નિર્માણ માટે ઈસરો દ્વારા ભારતની પ્રાઈવેટ કંપનીઓને આમંત્રણ




ઈસરો દ્વારા તાજેતરમાં કુલ 5 PSLV બનાવવા માટે પ્રાઈવેટ કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

- ઈસરો દ્વારા ભારતના **'મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ'** અંતર્ગત ફક્ત ભારતની પ્રાઈવેટ કંપનીઓને જ આ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.
- ભારતમાં ઈસરો કોઈ પ્રાઈવેટ કંપનીને કામ આપે એવું પહેલીવાર થઈ રહ્યું છે.
- એક સંપૂર્ણ રીતે સજ્જ PSLVની કિંમત આશરે **રૂ. 200 કરોડ** જેટલી થાય છે.
- 5 PSLV બનાવવા માટે ઈસરો આશરે **રૂ. 1,000 કરોડ**નો કોન્ટ્રાક્ટ ભારતની પ્રાઈવેટ કંપનીઓને આપશે. ઈસરો સાથે કામ કરી રહેલી ભારતની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), L & T તથા ગોદરેજ સહિત 150 કંપનીઓમાંથી કોઈ એક અથવા તો એકથી વધુ કંપનીઓ સાથે મળીને આ પ્રોજેક્ટ હાથ ધરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

### PSLV

PSLVનું પૂરું નામ Polar Satellite Launch Vehicle છે.

- PSLVએ ભારતનું **મીડિયમ લિફ્ટ લોન્ચ વ્હિકલ** એટલે કે ઉપગ્રહો લોન્ચ કરવાનું એક પ્રકારનું રોકેટ છે.
- **ઈસરો** દ્વારા તેને ડિઝાઈન કરવામાં આવ્યું છે તથા તેનું સંચાલન કરવામાં આવે છે.
- ભારતના રિમોટ સેન્સિંગ ઉપગ્રહોને **સૂર્ય સિંક્રોનસ ભ્રમણકક્ષા (Sun-synchronous Orbits)**માં લોન્ચ કરવા માટે PSLVનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- **1993**માં PSLVના નિર્માણ સમયે વ્યાવસાયિક રીતે આવી સુવિધા ફક્ત **રશિયા** પાસે જ હતી.
- PSLV દ્વારા નાના કદના ઉપગ્રહોને **ભૂ-સ્થિર કક્ષા (Geostationary Transfer Orbit)**માં પણ લોન્ચ કરી શકાય છે.
- PSLV દ્વારા લોન્ચ કરવામાં આવેલા કેટલાક મહત્ત્વના મિશનો આ પ્રમાણે છે :

**PSLV દ્વારા લૉન્ચ કેટલાક મિશન**

| ક્રમ | રોકેટનું નામ | મિશન | તારીખ |
|---|---|---|---|
| 1 | PSLV - D1 | PSLVનું પ્રથમ મિશન | 20 સપ્ટેમ્બર, 1993 |
| 2 | PSLV - XL C11 | ચંદ્રયાન-1 | 22 ઓક્ટોબર, 2008 |
| 3 | PSLV - XL C25 | મંગળયાન | 5 નવેમ્બર, 2013 |
| 4 | PSLV - C30 | એસ્ટ્રોસેટ (ખગોળીય શોધને સમર્પિત ભારતનું પ્રથમ Space Telescope) | 28 સપ્ટેમ્બર, 2015 |
| 5 | PSLV - C37 | એક જ રોકેટ દ્વારા સૌથી વધુ 104 ઉપગ્રહ લૉન્ચ | 15 ફેબ્રુઆરી, 2017 |

## ➤ ગુજરાતમાં સૌપ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રિવર રાફ્ટીંગનો પ્રારંભ

17 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે **નર્મદા નદી**માં **રિવર રાફ્ટીંગ**ની સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે.

- સહેલાણીઓ માટે ગુજરાતમાં શરૂ થયેલી રિવર રાફ્ટીંગની આ પ્રથમ સુવિધા છે.
- 1 સપ્ટેમ્બર, 2019થી પ્રવાસીઓ આ સુવિધાનો લાભ લઈ શકશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે **નર્મદા** જિલ્લાના અગાઉના નાંદોદ અને હવે નવા **ગરૂડેશ્વર** તાલુકાના **ખલવાણી** ગામેથી **ગોળબોલે ગેટ** સુધી **નર્મદા નદી**માં પાંચ કિલોમીટરના વિસ્તારમાં આ સુવિધા શરૂ કરવામાં આવી છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. તાજેતરમાં ઈસરો દ્વારા કેટલા PSLVના નિર્માણ માટે ભારતની પ્રાઈવેટ કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે ?

   (A) 3 (B) 5 (C) 10 (D) 12 **(B)**

2. PSLVનું પૂરું નામ શું છે ?

   (A) Polar Satellite Launch Vehicle (B) Polar Satellite Land Vehicle
   (C) Polar Satellite Lunar Vehicle (D) Polar Satellite Lander Vehicle **(A)**

**3.** ભારતમાં PSLVનું સૌપ્રથમ મિશન ક્યારે લોન્ચ થયું હતું ?

(A) 20 સપ્ટેમ્બર, 1991 (B) 20 સપ્ટેમ્બર, 1992

(C) 20 સપ્ટેમ્બર, 1993 (D) 20 સપ્ટેમ્બર, 1994

**(C)**

**4.** 15 ફેબ્રુઆરી, 2017ના રોજ ભારતે કયા રોકેટની મદદથી એક સાથે સૌથી વધુ 104 ઉપગ્રહો લોન્ચ કર્યા હતા?

(A) PSLV - C30 (B) PSLV - C32 (C) PSLV - C35 (D) PSLV - C37

**(D)**

**5.** તાજેતરમાં 17 ઓગસ્ટ, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં સૌપ્રથમ ક્યાંથી રિવર રાફટીંગની સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) કાંકરિયા તળાવ (B) સાબરમતી રિવર ફ્રન્ટ

(C) નળ સરોવર (D) સ્ટેચ્યુ ઓફ યુનિટી

**(D)**

**6.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કઈ નદીમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત રિવર રાફટીંગની સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે ?

(A) તાપી (B) સાબરમતી (C) નર્મદા (D) ત્રણમાંથી કોઈ નહિ

**(C)**



## 19 AUGUST, 2019 MONDAY

## ➤ દિવસ મહિમા : 19 ઓગસ્ટ (1) વર્લ્ડ ફોટોગ્રાફી ડે
## (2) વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day)

### વિશ્વ માનવતા દિવસ




સમગ્ર વિશ્વમાં માનવતાવાદી વિચારસરણીનો વ્યાપ વધારવા માટે તેમજ માનવતાવાદી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 19 ઓગસ્ટના રોજ 'વિશ્વ માનવતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ માનવતાવાદી કાર્યો કરનાર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ 19 ઓગસ્ટ, 2009થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2019ની વિશ્વ માનવતા દિવસની થીમ 'Celebrating #WomenHumanitarians' છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભૂટાનની મુલાકાત

તાજેતરમાં 17-18 ઓગસ્ટ, 2019 દરમિયાન બે દિવસ માટે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના પાડોશી દેશ ભૂટાનની મુલાકાત લીધી હતી.

- તેમની આ મુલાકાત દરમિયાન ભારત અને ભૂટાન વચ્ચે 10 જેટલા સમજૂતી કરાર થયા છે.
- આ 10 કરારમાં હાઈડ્રો પાવર પ્રોજેક્ટ ઉપરાંત નોલેજ નેટવર્ક, મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ, સ્પેસ સેટેલાઈટ અને રૂપે કાર્ડના ઉપયોગ સહિતના કરારોનો સમાવેશ થાય છે.
- તેમની આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂટાનમાં ભારતીય રૂપે કાર્ડ પણ લોન્ચ કર્યું હતું.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂટાનની રોયલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન પણ કર્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વડાપ્રધાન શ્રીની ભૂટાન યાત્રાનું વ્યૂહાત્મક મહત્ત્વ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડાપ્રધાન તરીકેની આ ભૂટાનની **બીજી મુલાકાત** હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ ભૂટાન યાત્રા વ્યૂહાત્મક દષ્ટિએ ખૂબ જ મહત્ત્વની છે. કેમ કે સમગ્ર દક્ષિણ એશિયામાં ભૂટાન જ એકમાત્ર એવો દેશ છે કે જે ચીનની જાળમાં સપડાયો નથી.
- **શ્રીલંકા**માં **હમ્બનટોટા બંદર** અને **પાકિસ્તાન**માં **ગ્વાદર બંદર**ના વિકાસના નામે ચીને ત્યાં પગદંડો જમાવ્યો છે.
- બીજી તરફ મ્યાનમાર, બાંગ્લાદેશ અને નેપાળમાં પણ ચીને પોતાની વગ વધારી છે.
- આ સંજોગોમાં ભૂટાન સાથે રાજકીય સંબંધો વિકસાવવામાં ચીનના પ્રયાસ નિષ્ફળ રહ્યા છે.
- ભૂટાનના વિકાસ અને નિર્માણમાં ભારતની ભૂમિકા મહત્ત્વની છે. તેની સુરક્ષાની જવાબદારી પણ ભારતીય સેના પાસે છે.
- ભારત અને ભૂટાન વચ્ચે **1968**થી રાજદ્વારી સંબંધોની ઔપચારિક શરૂઆત થઈ હતી. અને વર્ષ **2018**માં તેના **50 વર્ષ** પૂરા થવાને પ્રસંગે ભારત અને ભૂટાન દ્વારા તેની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કરવામાં આવી હતી. જોકે ભારત અને ભૂટાને **1949**માં જ **મિત્રતા સંધિ** પર હસ્તાક્ષર કર્યા હતા.

**નોંધ :-** (1) તાજેતરમાં ભૂટાને ભારતમાં આસામના **ગુવાહાટી** ખાતે તેનું કોન્સ્યુલેટ ખોલ્યું છે.

(2) વર્ષ **2013**માં ભૂટાનની ચીન સાથે નિકટતા બાદ ભારતે **ભૂટાન**ની **કેરોસીન અને રાંધણગેસ સબસિડી** બંધ કરી દીધી હતી. જેથી, બંનેના સંબંધમાં દરાર આવી હતી. જોકે હાલ ભૂટાન ફરીથી ભારત તરફ ઝૂક્યું છે.

## ભૂટાન

ભૂટાનનું સ્થાનિક નામ **દ્રુક યુલ** છે, જેનો અર્થ થાય છે, **'ગરજતા ડ્રેગનનો દેશ'**.

- ભૂટાનની રાજધાની **થિમ્ફુ** છે.
- તેનું ચલણ **Ngultrum (ન્ગુલટ્રમ)** છે.
- તેના વર્તમાન (19 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) વડાપ્રધાન **શ્રી લોટે શેરિંગ** છે.
- ભૂટાનના વર્તમાન રાજા **શ્રી જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક** છે.

## ➢ ભારતની પ્રથમ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી ગુજરાતમાં સ્થપાશે

ભારતમાં કેન્દ્ર સરકારના શિપિંગ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ રાજ્યમંત્રી **શ્રી મનસુખ માંડવીયા**એ તાજેતરમાં અમદાવાદના વટવા ખાતે એક છાત્રાલયના ઉદ્દઘાટન પ્રસંગે કરેલી જાહેરાત અનુસાર –

(1) ભારતની પ્રથમ **સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (CICET)**ની સ્થાપના **ગુજરાત**માં થશે.

- ગુજરાતમાં **વટવા** અથવા તો **સુરત** ખાતે આ સંસ્થા સ્થપાશે.

(2) આ ઉપરાંત ગુજરાતના **અમદાવાદ** ખાતે **પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ઈસ્ટિટ્યૂટ**ની સ્થાપના કરવા પણ સરકાર વિચારી રહી છે.

- પ્લાસ્ટિકને કારણે વધી રહેલા પ્રદૂષણને અટકાવવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.

## ICE Questions

1. 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

2. 'વિશ્વ માનવતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ **(C)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

3. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભૂટાન મુલાકાત દરમિયાન ભારત અને ભૂટાન વચ્ચે કેટલા કરાર પર હસ્તાક્ષર થયા છે ?
(A) 5 (B) 7 (C) 10 (D) 12 **(C)**

4. તાજેતરમાં ઓગસ્ટ 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા પાડોશી દેશમાં ભારતીય રૂપે કાર્ડ લોન્ચ કર્યું છે ?
(A) બાંગ્લાદેશ (B) નેપાળ (C) મ્યાનમાર (D) ભૂટાન **(D)**

5. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી મનસુખ માંડવીયાએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારતમાં પ્રથમ સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CICET) કયાં સ્થપાશે ?
(A) ઉત્તરપ્રદેશ (B) લદાખ (C) બિહાર (D) ગુજરાત **(D)**

6. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી મનસુખ માંડવીયાએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારતમાં પ્રથમ સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CICET) ગુજરાતમાં કયાં સ્થપાશે ?
(A) અમદાવાદ અથવા રાજકોટ (B) વટવા અથવા વડોદરા
(C) વટવા અથવા સુરત (D) વટવા અથવા ગાંધીનગર **(C)**

7. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી મનસુખ માંડવીયાએ તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારતમાં કઈ જગ્યાએ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરવા માટે સરકાર હાલ વિચારી રહી છે ?
(A) અમદાવાદ, ગુજરાત (B) શ્રીનગર, જમ્મુ કાશ્મીર
(C) વારાણસી, ઉત્તરપ્રદેશ (D) ભોપાલ, મધ્યપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**20 AUGUST, 2019 TUESDAY**

## ➢ દિવસ મહિમા : 20 ઓગસ્ટ, (1) ભારતીય અક્ષય ઊર્જા દિવસ
## (2) વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day)

### વિશ્વ મચ્છર દિવસ

20 ઓગસ્ટ 1897ના રોજ બ્રિટનના ડોક્ટર **રોનાલ્ડ રોસે** **કોલકાતા**માં પ્રેસિડેન્સી જનરલ હોસ્પિટલમાં કામ કરવા દરમિયાન મેલેરિયાનું કારણ **એનાફિલિસ મચ્છર** હોવાનું શોધી કાઢ્યું હતું.

- આથી 20 ઓગસ્ટને **'વિશ્વ મચ્છર દિવસ'** તરીકે ઉજવવામાં આવે છે.

### મચ્છરોથી થતી બીમારીઓ

| બીમારી | કયું મચ્છર કરડવાથી ? |
|---|---|
| મેલેરિયા | માદા એનાફિલિસ |
| ઈન્સેફેલાઈટિસ | ક્યુલેક્સ |
| ડેન્ગ્યુ | એડિસ |
| ચિકનગુનિયા | એડિસ |
| યલો ફિવર | એડિસ |
| ફાઈલેરિયા | એડિસ અને ક્યુલેક્સ |

**નોંધ :** ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભારતને **'મેલેરિયા મુક્ત'** બનાવવાની યોજના હાથ ધરી છે.

## ➢ વાયુ પ્રદૂષણ માટે હાનિકારક સલ્ફર ડાયોક્સાઈડ ($SO_2$)ના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે

આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંસ્થા **ગ્રીનપીસ** દ્વારા તાજેતરમાં **Greenpeace Analysis Ranks Global $SO_2$ Air Pollution Hotspots** નામનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં **સલ્ફર ડાયોક્સાઈડ ($SO_2$)**ના ઉત્પાદનમાં **ભારત પ્રથમ** ક્રમે છે.
- ભારત બાદ **રશિયા** બીજા અને **ચીન** ત્રીજા ક્રમે છે. જ્યારે **મેક્સિકો** આ યાદીમાં **ચોથા** ક્રમે છે.
- સલ્ફર ડાયોક્સાઈડ એક ઝેરી વાયુ છે અને હવાના પ્રદૂષણમાં તેનું મહત્ત્વનું યોગદાન છે.

### ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડનું ઉત્પાદન

સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થતા કુલ સલ્ફર ડાયોક્સાઈડમાંથી **15 ટકા** ઉત્પાદન એકલા **ભારત**માં થાય છે.

- ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતા સ્થળો (હોટ સ્પોટ)માં ગુજરાતના **કચ્છ** ઉપરાંત મુંદ્રા, હજીરા, ગાંધીનગર, સુરત વગેરે સ્થળોનો સમાવેશ થાય છે.
- જેમાં ગુજરાતમાં સલ્ફર ડાયોક્સાઈડના સૌથી વધુ ઉત્પાદનમાં **કચ્છ પ્રથમ** ક્રમે છે.
- જ્યારે ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડના સૌથી વધુ ઉત્પાદનમાં **મધ્યપ્રદેશનું સિંગ્રોલી પ્રથમ** ક્રમે છે.
- આ ઉપરાંત સમગ્ર વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડના સૌથી વધુ ઉત્પાદન કરતા સ્થળમાં **રશિયા**ના **નોરિલ્સ્ક** ખાતે આવેલું **નોરિલ્સ્ક સ્મેલ્ટર્સ** પ્રથમ ક્રમે છે.
- સમગ્ર વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતા સ્થળોની યાદીમાં રશિયાનું નોરિલ્સ્ક પ્રથમ, ભારતનું મધ્યપ્રદેશનું સિંગ્રોલી પાંચમા અને ગુજરાતનું કચ્છ 28મા ક્રમે છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

| ક્રમ | વિશેષતા | દેશ/સ્થળ |
|---|---|---|
| 1 | વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતા પ્રથમ ચાર દેશો | (i) ભારત (ii) રશિયા (iii) ચીન (iv) મેક્સિકો |
| 2 | વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતું સ્થળ | નોરિલ્સ્ક (રશિયા) |
| 3 | ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતું સ્થળ | સિંગ્રોલી (મધ્યપ્રદેશ) |
| 4 | ગુજરાતમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કરતું સ્થળ | કચ્છ (કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન) |

**નોંધ :**

(1) ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડના વધુ ઉત્પાદન માટે મુખ્યત્વે કોલસા આધારિત વીજ મથકો (Power Plant) સૌથી વધુ જવાબદાર છે.

(2) અમેરિકન અવકાશ સંશોધન સંસ્થા નાસાના ડેટાના આધારે ગ્રીનપીસ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સલ્ફર ડાયોક્સાઈડ શું છે ?

સલ્ફર ડાયોક્સાઈડ અથવા તો $SO_2$ એ માનવ આરોગ્ય માટે અત્યંત હાનિકારક વાયુ છે.

- તેને જોઈ શકાતો નથી, પરંતુ તેની વાસ અત્યંત તીવ્ર હોય છે.
- વિશ્વમાં એસિડ વરસાદ માટે નાઈટ્રોજન ઓક્સાઈડ ઉપરાંત સલ્ફર ડાયોક્સાઈડને પણ જવાબદાર માનવામાં આવે છે.



## ➤ હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ખૈયામનું નિધન

# KHAYYAM SAAB
(18 FEB 1927- 19 AUG 2019)



ભારતમાં હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ સંગીતકાર **શ્રી ખૈયામનું** 19 ઓગસ્ટ 2019ના રોજ **મુંબઈ** ખાતે 92 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 18 ફેબ્રુઆરી, 1927ના રોજ ભારતના **પંજાબ**ના **રાહોન** નામના શહેરમાં થયો હતો.
- તેમનું પૂરું નામ **શ્રી મોહમ્મદ ઝહુર ખૈયામ હાશમી** હતું.
- તેમણે હિન્દી ફિલ્મોમાં અનેક યાદગાર ગીતો આપ્યા છે.
- તેઓ હિન્દી ફિલ્મોમાં **મ્યુઝિક ડિરેક્ટર** અને **બેકગ્રાઉન્ડ સ્કોર કમ્પોઝર** તરીકે પ્રસિદ્ધ છે.
- ઉમરાવ જાન, કભી કભી, રઝિયા સુલતાન, દિલ એ નાદાન, દર્દ, થોડી સી બેવફાઈ વગેરે જેવી હિન્દી ફિલ્મોમાં તેમણે સંગીત આપ્યું હતું.
- 1948માં **હીર રાંઝા** ફિલ્મથી તેમણે પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી.

### એવોર્ડ

શ્રી ખૈયામને એનાયત થયેલા મુખ્ય એવોર્ડ આ પ્રમાણે છે :

(1) **'કભી કભી'** ફિલ્મ માટે ફિલ્મફેર બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર એવોર્ડ, 1977

(2) **'ઉમરાવ જાન'** ફિલ્મ માટે ફિલ્મફેર બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર એવોર્ડ, 1982

(3) **'ઉમરાવ જાન'** ફિલ્મમાં બેસ્ટ મ્યુઝિક ડિરેક્શન માટે નેશનલ ફિલ્મ એવોર્ડ, 1982

(4) સંગીત નાટક અકાદમી એવોર્ડ, 2007

(5) ફિલ્મફેર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ, 2010

(6) પદ્મ ભૂષણ, 2011

(7) હૃદયનાથ મંગેશકર એવોર્ડ, 2018

**નોંધ :** શ્રી ખૈયામની આત્મકથાનું નામ **'Khayyam The Man - His Music'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'ભારતીય અક્ષય ઊર્જા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ (C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ — (B)

2. 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 19 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ (C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ — (B)

| | | |
|---|---|---|
| 3. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસના રિપોર્ટ અનુસાર સલ્ફર ડાયોક્સાઈડના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?<br>(A) ભારત (B) રશિયા (C) ચીન (D) મેક્સિકો | (A) |
| 4. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસના રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કયા સ્થળે થાય છે ?<br>(A) Kriel, સાઉથ આફ્રિકા (B) Zagroz, ઈરાન<br>(C) Rabigh, સાઉદી અરેબિયા (D) Norilsk, રશિયા | (D) |
| 5. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસના રિપોર્ટ અનુસાર ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કયા સ્થળે થાય છે ?<br>(A) નેયવેલી (B) હજીરા (C) સિંગ્રોલી (D) તલ્ચર | (C) |
| 6. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસના રિપોર્ટ અનુસાર ગુજરાતમાં સલ્ફર ડાયોક્સાઈડનું સૌથી વધુ ઉત્પાદન કયા સ્થળે થાય છે ?<br>(A) સુરત (B) હજીરા (C) ગાંધીનગર (D) કચ્છ | (D) |
| 7. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ગ્રીનપીસના રિપોર્ટ અનુસાર ભારતમાં સલ્ફર ડાયોક્સાઈડના વધુ ઉત્પાદન માટે સૌથી વધુ જવાબદાર પરિબળ કયું છે ?<br>(A) કોલસાની ખાણો (B) ઔદ્યોગિક વસાહતો<br>(C) પરમાણુ મથકો (D) કોલસા આધારિત વીજ મથકો | (D) |
| 8. | તાજેતરમાં શ્રી ખૈયામનું નિધન થયું છે...તેમનું પૂરું નામ શું છે ?<br>(A) શ્રી મોહમ્મદ ઈકબાલ ખૈયામ હાશમી (B) શ્રી મોહમ્મદ બિસમિલ્લા ખૈયામ હાશમી<br>(C) શ્રી મોહમ્મદ ઝહુર ખૈયામ હાશમી (D) શ્રી મોહમ્મદ રસુલ ખૈયામ હાશમી | (C) |
| 9. | તાજેતરમાં શ્રી ખૈયામનું નિધન થયું છે...તેઓ નીચેનામાંથી શેના માટે પ્રસિદ્ધ હતા ?<br>(A) ફિલ્મ સર્જક (B) ફિલ્મ ડિરેક્ટર (C) ફિલ્મ પબ્લિશર (D) મ્યુઝિક ડિરેક્ટર | (D) |
| 10. | 'કભી કભી' તથા 'ઉમરાવ જાન' ફિલ્મો માટે ફિલ્મફેર બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટર એવોર્ડ વિજેતા મહાનુભાવનું નામ શું છે ?<br>(A) શ્રી ખૈયામ (B) શ્રી ઈકબાલ (C) શ્રી કાદરી હુસૈન (D) શ્રી ઝાકીર હુસૈન | (A) |
| 11. | ભારતના પ્રસિદ્ધ ફિલ્મ સંગીતકાર શ્રી ખૈયામનું તાજેતરમાં નિધન થયું છે...તેમને નીચેનામાંથી કયો પદ્મ પુરસ્કાર એનાયત થયો હતો ?<br>(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ (C) પદ્મ વિભૂષણ (D) ઉપરોક્ત ત્રણેય | (B) |
| 12. | ભારતના પ્રસિદ્ધ ફિલ્મ સંગીતકાર શ્રી ખૈયામનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?<br>(A) ઉત્તરપ્રદેશ (B) પંજાબ (C) બિહાર (D) મધ્યપ્રદેશ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 21 AUGUST, 2019 WEDNESDAY

### ➢ દિવસ મહિમા : 21 ઓગસ્ટ, વિશ્વ સિનિયર સિટીઝન દિવસ

### ➢ DRDO દ્વારા Mobile Metallic Ramp (MMR)ની ડિઝાઇન ભારતીય આર્મીને સોંપવામાં આવી

ભારતમાં DRDO દ્વારા તાજેતરમાં સ્વદેશી બનાવટના **'મોબાઈલ મેટાલિક રેમ્પ' (MMR)**નું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ મોબાઈલ મેટાલિક રેમ્પ 70 મેટ્રિક ટન જેટલું વજન ઉપાડવા માટે સક્ષમ છે.
- તેનાથી ભારતીય આર્મીને ભારે લશ્કરી વાહનો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં મદદ મળશે.
- તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં DRDO દ્વારા આ 'મોબાઈલ મેટાલિક રેમ્પ'ની ડિઝાઈન ભારતીય આર્મીને સોંપવામાં આવી છે.

#### DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organisation' (**સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા**) છે.

- તેની સ્થાપના 1958ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) **'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'** છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના **સંરક્ષણ મંત્રાલય**ના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** DRDOના વર્તમાન (21 ઓગસ્ટ, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી જી. સતીશ રેડ્ડી છે.

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
ફ્રી ટ્રાયલ લેક્ચર
03/09/19
સવારે / સાંજે
50% Discount 85% થી વધુને
20% Discount 70% થી વધુને
10% Discount 40% થી વધુને
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદ્દગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## ➤ ડાયરેક્ટ ટેક્સ કોડ અંગે રચાયેલી ટાસ્ક ફોર્સે પોતાનો રિપોર્ટ નાણા મંત્રીને સોંપ્યો

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારે નવા **Direct Tax Code (DTC)**ના નિર્માણ માટે CBDTના સભ્ય **શ્રી અખિલેશ રંજન**ની અધ્યક્ષતામાં એક **ટાસ્ક ફોર્સ**ની રચના કરી હતી.

Central Board of Direct Taxes
(CBDT)

- આ ટાસ્ક ફોર્સે પોતાનો રિપોર્ટ કેન્દ્રીય નાણા મંત્રી **શ્રીમતી નિર્મલા સિતારામન**ને સોંપી દીધો છે.
- આ ટાસ્ક ફોર્સની રચનાનો મુખ્ય ઉદ્દેશ છ દાયકા જૂના **Income Tax Act, 1961**ના સ્થાને નવો એક્ટ લાવવાનો છે.
- ટાસ્ક ફોર્સે પોતાના રિપોર્ટમાં **વ્યક્તિગત ટેક્સ તથા કોર્પોરેટ ટેક્સના સ્લેબમાં પરિવર્તન કરવાની** ભલામણ કરી હોવાનું કહેવાય છે.

**નોંધ :** CBDTનું પૂરું નામ **'Central Board of Direct Taxes'** છે.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ સિનિયર સિટીઝન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 19 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ (C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ **(C)**

2. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં DRDO દ્વારા ભારતીય આર્મીને શેની ડિઝાઈન સોંપવામાં આવી છે કે જેની મદદથી ભારતીય આર્મીને ભારે લશ્કરી વાહનો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં મદદ થશે ?
   (A) Mobile Metallic Ramp (MMR) (B) Mobile Metric Ramp (MMR)
   (C) Mobile Metrix Ramp (MMR) (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

3. તાજેતરમાં ભારતમાં કોની અધ્યક્ષતામાં રચાયેલી ડાયરેક્ટ ટેક્સ કોડ અંગેની ટાસ્ક ફોર્સે પોતાનો રિપોર્ટ ભારતીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનને સોંપ્યો છે ?
   (A) શ્રી અધિર રંજન (B) શ્રી રંજન પ્રકાશ
   (C) શ્રી રંજન મહર્ષિ (D) શ્રી અખિલેશ રંજન **(D)**

4. ભારતમાં કયા એક્ટના સ્થાને નવો એક્ટ લાવવા માટે તાજેતરમાં શ્રી અખિલેશ રંજનની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી ?
   (A) Income Tax Act, 1958 (B) Income Tax Act, 1961
   (C) Income Tax Act, 1963 (D) Income Tax Act, 1971 **(B)**

## 22 AUGUST, 2019 THURSDAY

### ➤ ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા SARAL ઈન્ડેક્ષ લોન્ચ

તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી **શ્રી આર.કે. સિંહે** SARAL નામથી એક રેન્કિંગ લોન્ચ કર્યું છે.

- આ રેન્કિંગનું પૂરું નામ **'State Rooftop Solar Attractiveness Index'** છે.
- ભારતમાં **રુફ ટોપ સૌર ઉર્જા**ને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલા પ્રયાસોને આધારે થયેલું આ **પ્રથમ** રેન્કિંગ છે.
- આ રેન્કિંગમાં સમગ્ર દેશમાં **કર્ણાટક પ્રથમ** ક્રમે છે.
- **કર્ણાટક** બાદ **તેલંગાણા બીજા** અને **ગુજરાત ત્રીજા** ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં **આંધ્રપ્રદેશ ચોથા** ક્રમે છે.

**State Rooftop Solar Attractiveness Index 2019માં પ્રથમ ચાર રાજ્યો**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | કર્ણાટક |
| 2 | તેલંગાણા |
| 3 | ગુજરાત |
| 4 | આંધ્રપ્રદેશ |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારત સરકારના નવીન અને નવીનીકરણીય મંત્રાલય, શક્તિ સસ્ટેઈનેબલ એનર્જી ફાઉન્ડેશન (SSEF), ASSOCHAM અને અર્ન્સ્ટ એન્ડ યંગ (EY) દ્વારા સંયુક્ત રીતે આ ઈન્ડેક્ષ તૈયાર કરવામાં આવ્યો છે.

- જેમાં નીચેની મુખ્ય પાંચ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે :
  (1) નીતિગત માળખાની મજબૂતી
  (2) ગ્રાહકોનો અનુભવ
  (3) અમલીકરણ વાતાવરણ
  (4) રોકાણનું વાતાવરણ અને
  (5) વ્યાપાર તંત્ર

**નોંધ :** (1) ભારત સરકાર દ્વારા વર્ષ **2022** સુધીમાં **175 ગીગાવોટ** નવીકરણીય ઉર્જા (Renewable Energy)ની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

(2) તેમાંથી **100 ગીગાવોટ સૌર ઉર્જા માર્ચ 2022** સુધીમાં ઓપરેશનલ થઈ જશે. જેમાંથી **40 ગીગાવોટ** ઉર્જા **ગ્રીડ કનેક્ટેડ સોલાર રુફટોપ** દ્વારા ઉત્પન્ન થવાની અપેક્ષા છે.



## ➤ વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ 'નિષ્ઠા' લોન્ચ



તાજેતરમાં ભારતમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી **શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'** દ્વારા **'નિષ્ઠા' (NISHTHA)** નામથી એક કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

- આ કાર્યક્રમ એ **વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ** છે.
- જેમાં NISHTHA (નિષ્ઠા)નું પૂરું નામ 'National Initiative on School Head's and Teacher's Holistic Advancement' છે.
- આ કાર્યક્રમ અંતર્ગત 42 લાખથી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.
- આ માટે તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' દ્વારા 'નિષ્ઠા' કાર્યક્રમની વેબસાઈટ, ટ્રેનિંગ મોડ્યુલ, બુકલેટ અને મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે.
- આ મોબાઈલ એપની મદદથી મોનિટરિંગ અને પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- Modular Object Oriented Dynamic Learning Environment (MOODLE) આધારિત આ એપ NCERT દ્વારા ડેવલપ કરવામાં આવી છે.

**નોંધ :** NCERTનું પૂરું નામ 'National Council of Educational Research and Training' છે.

## ➤ ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે શ્રી રાજીવ ગૌબાની નિમણૂક




ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા ભારતના **નવા કેબિનેટ સચિવ તરીકે શ્રી રાજીવ ગૌબા**ની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ 30 ઓગસ્ટ, 2019થી પોતાનો નવો હોદ્દો સંભાળશે અને તેમનો કાર્યકાળ **બે વર્ષ**નો હશે.
- ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે **શ્રી રાજીવ ગૌબા શ્રી પ્રદીપ કુમાર સિંહાનું** સ્થાન લેશે.
- શ્રી રાજીવ ગૌબા હાલ **ગૃહ મંત્રાલય**માં **સચિવ** તરીકે કાર્યરત છે અને હવે તેમની ભારતના **નવા કેબિનેટ સચિવ** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

**નોંધ :** શ્રી રાજીવ ગૌબા 1982ની બેચના ઝારખંડ કેડરના IAS ઓફિસર છે.

## ➤ ભારતના નવા ગૃહ સચિવ તરીકે શ્રી અજય કુમાર ભલ્લાની નિમણૂક



તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયમાં **નવા ગૃહ સચિવ** તરીકે **શ્રી અજય કુમાર ભલ્લા**ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના નવા ગૃહ સચિવ તરીકે **શ્રી અજય કુમાર ભલ્લા** તાજેતરમાં નવા કેબિનેટ સચિવ તરીકે નિમણૂક પામેલા **શ્રી રાજીવ ગૌબાનું** સ્થાન લેશે.
- શ્રી અજય કુમાર ભલ્લા 1984ની બેચના **આસામ-મેઘાલય** કેડરના IAS ઓફિસર છે.
- ગૃહ સચિવ તરીકે તેમનો કાર્યકાળ **બે વર્ષ**નો હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ અગાઉ જુલાઈ 2019 દરમિયાન શ્રી અજય કુમાર ભલ્લાની ગૃહ મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

## ➤ ભારતના નવા સંરક્ષણ સચિવ તરીકે શ્રી અજય કુમારની નિમણૂક

ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી **કેબિનેટની નિમણૂક સમિતિ**ની બેઠકમાં ભારતના નવા **સંરક્ષણ સચિવ (Defence Secretary)** તરીકે **શ્રી અજય કુમાર**ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના નવા સંરક્ષણ સચિવ તરીકે શ્રી અજય કુમાર **શ્રી સંજય મિત્રાનું** સ્થાન લેશે.
- શ્રી અજય કુમાર 1985ની બેચના **કેરળ** કેડરના IAS ઓફિસર છે. તેઓ હાલ ભારતના **39મા સંરક્ષણ ઉત્પાદન સચિવ** છે.
- હવે **સંરક્ષણ સચિવ** તરીકેનો તેમનો નવો કાર્યકાળ **બે વર્ષ**નો રહેશે.

**નોંધ :** ભારતમાં **કેબિનેટ સચિવ, ગૃહ સચિવ, વિદેશી બાબતોના સચિવ તથા સંરક્ષણ સચિવ**નો કાર્યકાળ સામાન્ય રીતે **બે વર્ષ** સુધીનો હોય છે. જોકે તેને એક્સટેન્શન આપીને કેટલોક સમય વધારી શકાય છે.

### તાજેતરમાં થયેલી અન્ય નિમણૂક

**શ્રી અજય કુમાર**ની જગ્યાએ ભારતના નવા **40મા સંરક્ષણ ઉત્પાદન સચિવ** તરીકે **શ્રી સુભાષ ચંદ્ર**ની નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના **લોકપાલના સચિવ** તરીકે **શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ**ની નિમણૂક કરવામાં આવી છે.
- લોકપાલના સચિવનો રેન્ક તથા પગાર ભથ્થા ભારત સરકારના સચિવ જેટલો જ હોય છે.
- શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ 1985ની બેચના **હિમાચલ પ્રદેશ** કેડરના IAS ઓફિસર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### તાજેતરમાં ભારત સરકારમાં થયેલી નવી નિમણૂક

| ક્રમ | હોદ્દો | કોની નિમણૂક | કોની જગ્યાએ |
|---|---|---|---|
| 1 | કેબિનેટ સચિવ | શ્રી રાજીવ ગૌબા | શ્રી પ્રદીપ કુમાર સિંહા |
| 2 | ગૃહ સચિવ | શ્રી અજય કુમાર ભલ્લા | શ્રી રાજીવ ગૌબા |
| 3 | સંરક્ષણ સચિવ | શ્રી અજય કુમાર | શ્રી સંજય મિત્રા |
| 4 | સંરક્ષણ ઉત્પાદન સચિવ | શ્રી સુભાષ ચંદ્ર | શ્રી અજય કુમાર |
| 5 | લોકપાલ સચિવ | શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ | – |

### ICE ? Questions

1. ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોન્ચ થયેલા SARAL અથવા તો State Rooftop Solar Attractiveness Indexમાં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) કર્ણાટક (B) તેલંગાણા (C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ — **(A)**

2. ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા તાજેતરમાં લોન્ચ થયેલા SARAL અથવા તો State Rooftop Solar Attractiveness Indexમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા — **(B)**

3. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ભારતમાં વિશ્વનો સૌથી મોટો કયો શિક્ષક તાલીમ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) આસ્થા (B) શ્રદ્ધા (C) નિષ્ઠા (D) પ્રેરણા **(C)**

4. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ભારતમાં લોન્ચ કરવામાં આવેલા નિષ્ઠા (NISHTHA) કાર્યક્રમનું પૂરું નામ શું છે ?
(A) National Initiative on School Head's and Teacher's Holistic Advancement
(B) National Initiative on School Head's and Teacher's Holistic Advantedge
(C) National Initiative on School Head's and Teacher's Holistic Advantech
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

5. તાજેતરમાં ભારત સરકાર દ્વારા લોન્ચ થયેલા નિષ્ઠા (NISHTHA) કાર્યક્રમનો મુખ્ય હેતુ શું છે ?
(A) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું (B) ભ્રૂણ હત્યા અટકાવવી
(C) જમ્મુ કાશ્મીરના બાળકોને ઘેર બેઠા શિક્ષણ આપવું (D) શિક્ષકોને તાલીમ આપવી **(D)**

6. ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી અજય કુમાર ભલ્લા (B) શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ
(C) શ્રી રાજીવ ગૌબા (D) શ્રી અજય કુમાર **(C)**

7. તાજેતરમાં ભારતમાં કોની જગ્યાએ ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે શ્રી રાજીવ ગૌબાની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સંજય મિત્રા (B) શ્રી પ્રદીપ કુમાર સિંહા
(C) શ્રી અજય કુમાર (D) શ્રી રાજીવ મહર્ષિ **(B)**

8. તાજેતરમાં ભારતના નવા કેબિનેટ સચિવ તરીકે શ્રી રાજીવ ગૌબાની નિમણૂક કરવામાં આવી છે...શ્રી રાજીવ ગૌબા કઈ કેડરના IAS ઑફિસર છે ?
(A) ઝારખંડ (B) ઉત્તરાખંડ (C) છત્તીસગઢ (D) પંજાબ **(A)**

9. ભારતના નવા ગૃહ સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી અજય કુમાર ભલ્લા (B) શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ
(C) શ્રી અજય કુમાર (D) શ્રી સુભાષ ચંદ્ર **(A)**

10. ભારતના નવા સંરક્ષણ સચિવ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સુભાષ ચંદ્ર (B) શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ
(C) શ્રી પ્રદીપ કુમાર સિંહા (D) શ્રી અજય કુમાર **(D)**

11. તાજેતરમાં ભારતના નવા લોકપાલ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી સુભાષ ચંદ્ર (B) શ્રી બ્રિજ કુમાર અગ્રવાલ
(C) શ્રી સંજય મિત્રા (D) શ્રી રાજીવ મહર્ષિ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

23 AUGUST, 2019 FRIDAY

## ➤ FATF દ્વારા પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું




ટેરર ફન્ડિંગ અને મની લોન્ડરિંગ પર નજર રાખી રહેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા FATFના એશિયા પેસિફિક ગ્રુપે પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂક્યું છે.

- આ અગાઉ જૂન 2018 દરમિયાન FATF દ્વારા પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં મૂકવામાં આવ્યું હતું.
- હવે તેનો ગ્રેડ ઘટાડીને તેને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે.

### ક્યાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે ?

તાજેતરમાં 18થી 23 ઓગસ્ટ, 2019 દરમિયાન ઓસ્ટ્રેલિયાના કેનબેરામાં યોજાયેલી FATFની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માંથી શા માટે 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે ?

FATFના વૈશ્વિક માપદંડો પૂરા ન કરી શકવાને કારણે FATF દ્વારા પાકિસ્તાનને બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવ્યું છે.

- ટેરર ફાઈનાન્સિંગ અને મની લોન્ડરિંગના 40માંથી 32 માપદંડો પાકિસ્તાને પૂરા કર્યા નથી.
- આ ઉપરાંત આતંકવાદીઓને મળતી નાણાકીય મદદ અટકાવવા માટે નક્કી કરવામાં આવેલા 11 પ્રભાવશાળી માપદંડો પૈકી 10માં પાકિસ્તાનનું રેટિંગ ખરાબ રહ્યું છે.
- ટૂંકમાં, પાકિસ્તાનમાં આતંકવાદીઓને મળતી નાણાકીય મદદ અટકાવી ન શકવાને કારણે FATF દ્વારા પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### 'બ્લેક લિસ્ટ'માં મૂકાવાથી પાકિસ્તાન પર શું અસર થશે ?

બ્લેક લિસ્ટમાં મૂકાવાને કારણે પાકિસ્તાનને વર્લ્ડ બેંક, IMF, એશિયન ડેવલપમેન્ટ બેંક, યુરોપિયન યુનિયન વગેરે જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા લોન મળશે નહિ.

- આ ઉપરાંત મૂડીઝ, સ્ટાન્ડર્ડ એન્ડ પૂઅર, ફીચ વગેરે જેવી રેટિંગ એજન્સીઓ દ્વારા પણ પાકિસ્તાનના રેટિંગમાં ઘટાડો કરવામાં આવી શકે છે.
- આથી, પાકિસ્તાનની ઈકોનોમીને આશરે 10 અબજ ડોલરનો ફટકો પડી શકે છે. જેનાથી પાકિસ્તાનની ઈકોનોમીને ભારે અસર થશે.
- ટૂંકમાં, પાકિસ્તાન હાલ એ કગાર પર આવીને ઉભું છે કે જ્યાંથી તેને આતંકવાદ અથવા તો આર્થિક વિકાસ બેમાંથી કોઈ એક બાબતને પસંદ કરવી પડશે.
- જો પાકિસ્તાનને આર્થિક રીતે પગભર થવું હશે તો આતંકવાદનો સાથ છોડવા સિવાય તેની પાસે બીજો કોઈ જ વિકલ્પ નથી.

**નોંધ :** (1) પાકિસ્તાનને હાલ FATFના **એશિયા પેસિફિક ગ્રુપ** દ્વારા 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે.

(2) જોકે, **ઓક્ટોબર 2019** દરમિયાન FATFના પૂર્ણ સત્રમાં પાકિસ્તાનની બાબતમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

(3) આ અગાઉ FATF દ્વારા FATFના **27 સૂત્રી પ્લાન**ને અમલી બનાવવા માટે ઓક્ટોબર 2019 સુધીની મુદત આપવામાં આવી હતી.

## FATF શું છે ?

**FATFનું પૂરું નામ 'Financial Action Task Force (On Money Laundering) છે.**

- FATFએ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- **'મની લોન્ડરિંગ'** અથવા તો **કાળાનાણાંને કાયદેસર થતા રોકવા માટે** નીતિઓ બનાવવા **1989**માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ **2001**થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે **'ટેરર ફાઈનાન્સિંગ'** એટલે કે **આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદ**ને અટકાવવા માટે પણ તે નીતિઓ બનાવે છે.
- તેનું વડું મથક અથવા સચિવાલય **ફ્રાન્સ**ના **પેરિસ** ખાતે આવેલું છે.
- FATFના સભ્ય દેશોમાં **ભારત, અમેરિકા, ચીન** સહિત કુલ **38** દેશોનો સમાવેશ થતો હતો.
- હવે **સાઉદી અરેબિયા** FATFનું **39મું સભ્ય** બન્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે ?
(A) વર્લ્ડ બેન્ક (B) FACF (C) IMF (D) FATF — **(D)**

2. તાજેતરમાં FATFના કયા ગ્રુપ દ્વારા પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે ?
(A) એશિયા પેસિફિક ગ્રુપ (B) દક્ષિણ એશિયા ગ્રુપ
(C) દક્ષિણ-પૂર્વ એશિયા ગ્રુપ (D) ઉત્તર-પૂર્વ એશિયા ગ્રુપ — **(A)**

3. FATFના એશિયા પેસિફિક ગ્રુપ દ્વારા તાજેતરમાં કયા લિસ્ટમાંથી હટાવીને પાકિસ્તાનને 'બ્લેક લિસ્ટ'માં મૂકવામાં આવ્યું છે ?
(A) વ્હાઈટ લિસ્ટ (B) રેડ લિસ્ટ (C) ગ્રીન લિસ્ટ (D) ગ્રે લિસ્ટ — **(D)**

4. ઓગસ્ટ 2019 દરમિયાન કઈ જગ્યાએ મળેલી FATFની એશિયા પેસિફિક ગ્રુપની બેઠકમાં પાકિસ્તાનને બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવ્યું છે ?
(A) બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા (B) કેનબેરા, ઓસ્ટ્રેલિયા
(C) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (D) પર્થ, ઓસ્ટ્રેલિયા — **(B)**

5. FATFનું પૂરું નામ શું છે ?
(A) Financial Action Task Force (B) Financial Action Task Forum
(C) Financial Active Task Forum (D) Financial Active Task Force — **(A)**

## 24 AUGUST, 2019 SATURDAY

### ➤ સુશ્રી આરોહી પંડિત લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ દ્વારા એટલાંટિક તથા પ્રશાંત મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા બન્યા


તાજેતરમાં ભારતના સુશ્રી આરોહી પંડિતે લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA) દ્વારા એકલા જ પ્રશાંત મહાસાગરને પાર કર્યો છે.

- આ સાથે જ સુશ્રી આરોહી પંડિત લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટની મદદથી એકલા જ એટલાંટિક અને પ્રશાંત મહાસાગર પાર કરનાર વિશ્વના પ્રથમ મહિલા બની ગયા છે.
- આ અગાઉ મે 2019 દરમિયાન તેમણે એટલાંટિક મહાસાગર પાર કર્યો હતો.
- તાજેતરમાં પ્રશાંત મહાસાગર પાર કરવા માટે તેમણે અલાસ્કાથી ઉડાન ભરી હતી અને રશિયાના અનાદિર એરપોર્ટ પર લેન્ડિંગ કર્યું હતું.

#### સુશ્રી આરોહી પંડિત

સુશ્રી આરોહી પંડિત મહારાષ્ટ્રના મુંબઈના કોમર્શિયલ પાયલોટ છે.

- તેમના લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટનું નામ 'માહી' છે.
- 'માહી' એ ભારતમાં Directorate General of Civil Aviation દ્વારા નોંધાયેલું ભારતનું પ્રથમ લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ છે.
- સુશ્રી આરોહી પંડિત આ અગાઉ લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટની મદદથી પાકિસ્તાનની ધરતી પર ઉતરાણ કરનાર પ્રથમ ભારતીય મહિલા પણ બન્યા હતા.
- ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સહકારથી ચાલતી 'મહિલા સશક્તિકરણ ઝૂંબેશ' હેઠળ સુશ્રી આરોહી પંડિતે ઉપરોક્ત વિશ્વ વિક્રમ બનાવ્યો છે.
- આ ઝુંબેશ અંતર્ગત તેઓ સમગ્ર વિશ્વમાં 'બેટી બચાવો, બેટી પઢાવો'નો સંદેશ આપશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 2000 રાજપૂત વીરાંગનાઓની તલવારથી વીરરાસ રમી ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદો ભવ્ય વીરાંજલિ

તાજેતરમાં ગુજરાતમાં <u>જામનગર</u> જિલ્લાના <u>ધ્રોલ</u> નજીક આવેલા ઐતિહાસિક <u>ભૂચર મોરીના મેદાન</u>માં રાજપૂત સમાજની <u>2000</u> જેટલી બહેનોએ એક સાથે હાથમાં તલવાર લઈને વીર રાસ રમી ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોને ભવ્ય વીરાંજલિ આપી હતી.

- આ સાથે જ એક સાથે સૌથી વધુ મહિલાઓ દ્વારા હાથમાં તલવાર લઈને વીર રાસ રમવાનો <u>વર્લ્ડ રેકોર્ડ</u> પણ નોંધાયો હતો.
- આ વર્લ્ડ રેકોર્ડને કારણે <u>બ્રિટન</u>ની <u>વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ</u>માં ગુજરાત તથા ગુજરાતના રાજપૂત સમાજનું નામ અંકિત થઈ ગયું છે.

### માત્ર રાજપૂત સમાજનું જ નહિ, પરંતુ ભારતના ઈતિહાસનું પણ ગૌરવવંતુ ભૂચર મોરીનું યુદ્ધ શું છે?

આજથી આશરે 428 વર્ષ પૂર્વે <u>વિક્રમ સંવત 1648</u>માં ગુજરાતના સૌરાષ્ટ્રમાં <u>ધ્રોલ</u>ના <u>ભૂચર મોરી મેદાન</u>માં જામનગરના રાજવી <u>**શ્રી જામ સતાજી**</u> અને મુઘલ શાસક <u>**અકબરના સૈન્ય**</u> વચ્ચે થયેલું યુદ્ધ <u>**ભૂચર મોરી**</u>ના યુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે.

- ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલા અને ભારતના ઈતિહાસના સર્વકાલીન મહાન યુદ્ધોમાં સ્થાન પામેલા આ યુદ્ધની મુખ્ય વિશેષતા એ હતી કે આ યુદ્ધ સીમા, સરહદ કે જમીનના ટુકડા માટે લડાયું ન હતું, પરંતુ <u>**ક્ષાત્ર ધર્મના પાલન**</u> માટે આ યુદ્ધ લડાયું હતું.
- ગુજરાતના છેલ્લા સુલતાન <u>**મુઝફ્ફર શાહ ત્રીજા**</u>ને દિલ્હીના સુલતાન <u>**અકબરે**</u> હરાવ્યા બાદ તેમને કેદ કર્યા હતા.
- પરંતુ મુઝફ્ફર શાહ ત્રીજા ત્યાંથી ભાગીને જામનગરના રાજવી <u>**શ્રી જામ સતાજી**</u>ના શરણે આવ્યા હતા.
- આથી અકબરે શ્રી જામ સતાજીને સંદેશો મોકલ્યો કે કેદીને સોંપો અથવા યુદ્ધ માટે તૈયાર રહો.
- ત્યારે જામનગરના રાજવી શ્રી જામ સતાજીએ ખૂમારીપૂર્વક જવાબ આપ્યો કે શરણમાં આવેલાનું કોઈપણ ભોગે રક્ષણ કરવું એ અમારો ધર્મ છે.
- આથી શ્રી જામ સતાજીનો વીરતા ભર્યો જવાબ સાંભળીને ક્રોધે ભરાયેલા અકબરે <u>**મિર્ઝા અકીક કોકા**</u>ને લશ્કર લઈને જામનગર પર ચડાઈ કરવા રવાના કર્યા અને <u>**અકબરના સૈન્ય**</u> તથા <u>**શ્રી જામ સતાજીની સેના**</u> વચ્ચે <u>**ધ્રોલ**</u>ના <u>**ભૂચર મોરીના મેદાન**</u>માં યુદ્ધ થયું.
- ભારતના ક્ષત્રિય સમાજની શૌર્ય ગાથા, બલિદાન અને તેમના ભવ્ય ઈતિહાસને સુવર્ણ અક્ષરે અંકિત કરતા અને માત્રને માત્ર આશરા ધર્મ તથા ક્ષાત્ર ધર્મનું પાલન કરવા માટે લડાયેલા આ યુદ્ધના અંતિમ દિવસે પોતાના લગ્નમાં જવાને બદલે રણમેદાનમાં જવાનું પસંદ કરનાર જામનગરના <u>**પાટવીકુંવર શ્રી અજાજી**</u>એ ભૂચર મોરીની ધરાને અનેક મોગલોના રક્તથી રંગીને યુદ્ધમાં લડતા લડતા શહાદત વહોરી હતી.
- આ યુદ્ધનો અંતિમ દિવસ હતો <u>**સંવત 1648**</u>ની <u>**શ્રાવણ વદ સાતમ**</u>નો.
- આથી દર વર્ષે <u>**શ્રાવણ વદ સાતમ**</u>ને દિવસે રાજપૂત સમાજ દ્વારા ભૂચર મોરી મેદાનમાં ક્ષાત્ર ધર્મના પાલન માટે શહીદ થયેલા મહાન શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પીને તેમની શહાદતને યાદ કરવામાં આવે છે.

**નોંધ :** (1) ભૂચર મોરીના આ યુદ્ધમાં શરૂઆતમાં જૂનાગઢના નવાબ શ્રી દોલતખાને જામનગરના રાજવી શ્રી જામ સતાજીની મદદ કરી હતી પરંતુ પાછળથી તેમણે આ યુદ્ધમાં અકબરનો સાથ આપ્યો હતો.

(2) પ્રસિદ્ધ ઈતિહાસકાર શ્રી રામકુભાઈ ખાચરના મતે **"ભૂચર મોરીનું યુદ્ધ રખાવટ અને આશરાધર્મની મિશાલ સમાન છે."**

(3) સૌરાષ્ટ્ર કચ્છના છેલ્લા બે મહાયુદ્ધમાં ભૂચર મોરીના યુદ્ધનો સમાવેશ થાય છે. ભૂચર મોરીનું યુદ્ધ **'ધ્રોલના યુદ્ધ'** તરીકે પણ ઓળખાય છે.

(4) ગુજરાતના પ્રસિદ્ધ લોકસાહિત્યકાર તથા **'રાષ્ટ્રીય શાયર' શ્રી ઝવેરચંદ મેઘાણીએ** ભૂચરમોરીના યુદ્ધ પરથી **'સમરાંગણ'** નામની કૃતિની રચના કરી હતી.

(5) **જુલાઈ 1591**માં થયેલા ભૂચર મોરીના યુદ્ધને **'ગુજરાત (અથવા તો સૌરાષ્ટ્ર)ના પાણીપત'** તરીકે ઓળખવામાં આવે છે.

(6) ભૂચર મોરીના યુદ્ધ સમયે વર્તમાન જામનગર **'નવાનગર'** તરીકે ઓળખાતું હતું.

(7) ભૂચર મોરીના યુદ્ધના મહાન શહીદોના સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ **2016**માં **67મા વન મહોત્સવ** અંતર્ગત જામનગર જિલ્લાના ધ્રોલ પાસેના **ભૂચર મોરી** ખાતે **'શહીદ વન'** નામના **સાંસ્કૃતિક વનનું** નિર્માણ કરવામાં આવ્યું હતું.

## ICE Questions

1. લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA) દ્વારા એકલા જ એટલાંટિક તથા પ્રશાંત મહાસાગર પાર કરનાર વિશ્વના પ્રથમ મહિલાનું નામ શું છે ?
   (A) સુશ્રી આકૃતિ વ્યાસ (B) સુશ્રી અંકિતા પંડિત
   (C) સુશ્રી અર્ચના આચાર્ય (D) સુશ્રી આરોહી પંડિત
   **(D)**

2. ભારતમાં મહારાષ્ટ્રના મુંબઈના સુશ્રી આરોહી પંડિત તાજેતરમાં લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA) દ્વારા એકલા જ એટલાંટિક તથા પ્રશાંત મહાસાગર પાર કરનાર વિશ્વના પ્રથમ મહિલા બન્યા છે...તેમના એરક્રાફ્ટનું નામ શું છે ?
   (A) રાહી (B) સાથી (C) માહી (D) મૈત્રી
   **(C)**

3. તાજેતરમાં ભારતમાં કઈ જગ્યાએ એક સાથે 2000 જેટલી બહેનોએ હાથમાં તલવાર લઈને વીર રાસ અથવા તો તલવાર રાસ રમીને વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે ?
   (A) ખંભાત (B) ધ્રોલ (C) માંડવી (D) કચ્છ
   **(B)**

4. વિક્રમ સંવત 1648માં ગુજરાતમાં ભૂચર મોરીના મેદાનમાં પ્રસિદ્ધ ભૂચર મોરીનું યુદ્ધ થયું હતું...... ભૂચર મોરીનું આ મેદાન કયાં આવેલું છે ?
   (A) ગોધરા (B) જામજોધપુર (C) ધ્રોલ (D) વ્યારા
   **(C)**

5. વિક્રમ સંવત 1648 દરમિયાન ગુજરાતના કયા જિલ્લામાં ભૂચર મોરીનું યુદ્ધ થયું હતું ?
   (A) પંચમહાલ (B) ભાવનગર (C) જૂનાગઢ (D) જામનગર
   **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ઐતિહાસિક ભૂચર મોરીનું યુદ્ધ કોની–કોની વચ્ચે થયું હતું ?
(A) જામનગરના રાજવી શ્રી જામ રણજીત સિંહ અને અકબરનું સૈન્ય
(B) જામનગરના રાજવી શ્રી જામ સતાજી અને અકબરનું સૈન્ય
(C) કાઠીયાવાડી રાજ્યોનું સંયુક્ત સૈન્ય અને મુઘલ સામ્રાજ્યની સેના (D) B અને C બંને
**(C)**

7. ભારતના ઈતિહાસનું કયું યુદ્ધ 'ગુજરાતના પાણીપત' તરીકે ઓળખાય છે ?
(A) સુરતનું યુદ્ધ (B) ભૂચર મોરીનું યુદ્ધ (C) કચ્છનું યુદ્ધ (D) જૂનાગઢનું યુદ્ધ
**(B)**

8. ભૂચર મોરીનું યુદ્ધ ક્યારે થયું હતું ?
(A) જુલાઈ 1491 (B) જુલાઈ 1481 (C) જુલાઈ 1581 (D) જુલાઈ 1591
**(D)**

9. જુલાઈ 1591માં ગુજરાતમાં થયેલા ભૂચર મોરીના યુદ્ધમાં 'કાઠીયાવાડી રાજ્યોના સંયુક્ત સૈન્ય'માં કોનો સમાવેશ થતો હતો ?
(A) જામનગર અથવા તો નવાનગરના રાજવી શ્રી જામ સતાજીનું સૈન્ય
(B) જૂનાગઢનું સૈન્ય (C) કુંડલાનું સૈન્ય (D) ઉપરોક્ત ત્રણેય
**(D)**

10. ભૂચર મોરીના યુદ્ધ પરથી શ્રી ઝવેરચંદ મેઘાણીએ કયા પુસ્તકની રચના કરી હતી ?
(A) કંકાવટી (B) વેરની વસૂલાત (C) કોઈનો લાડકવાયો (D) સમરાંગણ
**(D)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સતાધારની આપાગીગાની જગ્યાના મહંત તથા પૂજ્ય સંત શ્રી જીવરાજ બાપુ બ્રહ્મલીન

તાજેતરમાં ગુજરાતમાં પ્રસિદ્ધ તીર્થધામ **સતાધારની આપાગીગાની જગ્યાના** મહંત તથા પૂજ્ય સંત **શ્રી જીવરાજ બાપુ**એ અંતિમ શ્વાસ લીધા છે. શ્રી જીવરાજ બાપુનો જન્મ **માધવપુર(ઘેડ)**ના **સરમા** ગામે થયો હતો. તેઓ તેમના ગુરૂ **શ્રી શામજીબાપુ** બાદ સતાધારમાં આપાગીગાની જગ્યાના મહંત બન્યા હતા.

### ➤ ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટી માટે વાઘોડિયા ખાતે 31 હેક્ટર જમીન ફાળવાઈ

ગુજરાતમાં ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટીના નિર્માણ માટે ગુજરાત સરકારે તાજેતરમાં **વડોદરા** જિલ્લાના **વાઘોડિયા** ખાતે **31 હેક્ટર** જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં નિર્માણ પામનાર ભારતની આ પ્રથમ રેલવે યુનિવર્સિટી માટે આ 31 હેક્ટર જમીન બજાર કિંમતના **50 ટકા ભાવ**થી ફાળવવામાં આવશે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવનિર્મિત 'ગરવી ગુજરાત ભવન'નું લોકાર્પણ થશે

તાજેતરમાં ભારતના પાટનગર દિલ્હી ખાતે અકબર રોડ પર ગુજરાત સરકાર દ્વારા રૂ. 131 કરોડના ખર્ચે સાત માળના એક ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત ભવનને 'ગરવી ગુજરાત ભવન' નામ આપવામાં આવ્યું છે. 2 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ ભવનનું લોકાર્પણ કરવામાં આવશે.

## ➤ M.S. યુનિવર્સિટી ગ્રીન ઓડિટ કરનારી ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની

તાજેતરમાં ગુજરાતમાં વડોદરા ખાતે આવેલી M.S. યુનિવર્સિટીનું ગ્રીન ઓડિટ કરવામાં આવ્યું છે. આ સાથે જ M.S. યુનિવર્સિટી ગ્રીન ઓડિટ કરનારી ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની ગઈ છે. આ ગ્રીન ઓડિટ કરાવવાનો મુખ્ય ઉદ્દેશ કાર્બનની માત્રા ઘટાડવાનો હતો.

## ➤ SMVS સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક સંત પૂજ્ય બાપજી અંતર્ધ્યાન

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)ના સ્થાપક તથા બાપજીના હુલામણા નામે ઓળખાતા પૂજ્ય સંત શ્રી દેવનંદનદાસજી સ્વામીએ 87 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. તેમણે વિશ્વના 10 દેશોમાં 100થી વધુ મંદિરોનું નિર્માણ કર્યું હતું. તેમણે સ્થાપેલી હોસ્પિટલ તથા મેડિકલ સેન્ટરથી 4.5 લાખથી વધુ દર્દીઓને લાભ થયો હતો તથા તેમણે 5 લાખથી વધુ લોકોને વ્યસનમુક્ત કર્યા હતા.

## ➤ ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ અને સુરતમાં GST ટ્રિબ્યૂનલ સ્થપાશે

તાજેતરમાં કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને ભારતમાં GSTના વિવાદિત કેસોના નિકાલ માટે ટ્રિબ્યૂનલો શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ અંતર્ગત ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ અને સુરત ખાતે GST ટ્રિબ્યૂનલ સ્થપાશે. જેમાંથી સુરત અને રાજકોટમાં રિજનલ બેન્ચ રહેશે જ્યારે અમદાવાદમાં ટ્રિબ્યૂનલની મુખ્ય બેન્ચ રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ભારત

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિઓલ શાંતિ પુરસ્કાર પર આગ્રહપૂર્વક ટેક્સ વસૂલ્યો

તાજેતરમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વર્ષ 2018ના સિઓલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં તેમને આશરે રૂ. 1.3 કરોડની રોકડ રકમ પણ મળી હતી. CBDTએ આ રકમ પર ટેક્સમાં છૂટ આપી હોવા છતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાણામંત્રીને પત્ર લખીને આ રકમ પર આગ્રહપૂર્વક ટેક્સ ચૂકવ્યો હતો.

# વિશ્વ

## ➤ જાપાનમાં યોજાયેલી ઓલિમ્પિક ટેસ્ટ ઈવેન્ટમાં ભારતીય પુરુષ તથા મહિલા હોકી ટીમનો વિજય

તાજેતરમાં જાપાનના ટોક્યો ખાતે યોજાયેલી ઓલિમ્પિક ટેસ્ટ ઈવેન્ટની ફાઈનલ મેચમાં ભારતની પુરુષોની હોકી ટીમે ન્યુઝીલેન્ડને પરાજય આપીને આ ઈવેન્ટ જીતી લીધી છે. જ્યારે ભારતની મહિલા હોકી ટીમે યજમાન જાપાનને પરાજય આપીને આ ઈવેન્ટ જીતી લીધી છે.

## ➤ મૂડીઝે ભારતના GDP વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડ્યો

વિશ્વની જાણીતી રેટિંગ એજન્સી **મૂડીઝ** દ્વારા ઓગસ્ટ 2019 દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલા રિપોર્ટમાં ભારતના GDP વૃદ્ધિ દરના અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર વર્ષ **2019**માં ભારતનો GDP વૃદ્ધિ દર **6.2 ટકા** રહેવાનો અંદાજ છે. જ્યારે વર્ષ **2020**માં ભારતનો GDP વૃદ્ધિ દર **6.7 ટકા** રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. આ અગાઉ મૂડીઝે વર્ષ 2019માં 6.8 ટકા અને વર્ષ 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.3 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

### ICE Questions

➤ તાજેતરમાં ગુજરાતના પ્રસિદ્ધ સંત શ્રી જીવરાજ બાપુ બ્રહ્મલીન થયા છે...તેઓ ગુજરાતમાં કયા સ્થળે આવેલી જગ્યાના મહંત હતા ? – સતાધાર

➤ ભારતની પ્રથમ રેલવે યુનિવર્સિટી માટે ગુજરાત સરકારે તાજેતરમાં કઈ જગ્યાએ 31 હેક્ટર જમીન ફાળવી છે ? – વાઘોડિયા (જિ. વડોદરા)

➤ નવી દિલ્હી ખાતે અકબર રોડ પર ગુજરાત સરકાર દ્વારા નવનિર્મિત અતિથી ગૃહને શું નામ આપવામાં આવ્યું છે ? – ગરવી ગુજરાત ભવન

➤ તાજેતરમાં ગ્રીન ઓડિટ કરનારી ગુજરાતની પ્રથમ યુનિવર્સિટીનું નામ શું છે ? – M.S. યુનિવર્સિટી, વડોદરા

➤ તાજેતરમાં SMVS સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક સંત પૂજ્ય બાપજી અંતર્ધ્યાન થયા છે...SMVSનું પૂરું નામ શું છે ? – સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા

➤ તાજેતરમાં થયેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં કઈ જગ્યાએ GST ટ્રિબ્યુનલ સ્થપાશે ? – અમદાવાદ, રાજકોટ અને સુરતમાં

➤ તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને એનાયત થયેલા કયા પુરસ્કારની રકમ પર આગ્રહપૂર્વક ટેક્સ ચૂકવ્યો છે ? – સિઓલ શાંતિ પુરસ્કાર, 2018

➤ તાજેતરમાં કઈ જગ્યાએ યોજાયેલી ઓલિમ્પિક ટેસ્ટ ઈવેન્ટમાં ભારતની પુરુષ અને મહિલા હોકી ટીમનો વિજય થયો છે ? – ટોક્યો, જાપાન

➤ ઓગસ્ટ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા મૂડીઝના રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 6.2 ટકા

➤ ઓગસ્ટ 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા મૂડીઝના રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 6.7 ટકા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. તાજેતરમાં 18 ઓગસ્ટ, 2019ના રોજ કયા શહેરમાં યોજાયેલા લગ્ન સમારોહમાં થયેલા આતંકી હુમલામાં આશરે 63 લોકોનાં મોત થયા હતા ? – કાબુલ (અફઘાનિસ્તાન)
2. તાજેતરમાં ભારતના કયા ખેલાડીએ જમ્મુ કાશ્મીરમાં આર્મી તરીકેની ફરજ નીભાવી હતી ? – શ્રી મહેન્દ્રસિંહ ધોની
3. 21 થી 23 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલ કયાં યોજાશે ? – અમદાવાદ
4. તાજેતરમાં ગુજરાતમાં શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું છે ? – અમદાવાદ
5. તાજેતરમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ચિદમ્બરમની CBI દ્વારા કયા કેસમાં ધરપકડ કરવામાં આવી છે ? – INX મીડિયા કેસ
6. તાજેતરમાં 21 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના કયા રાજ્યમાં મંત્રીમંડળમાં ફેરફાર માટે 23 મંત્રીઓને શપથ આપવામાં આવ્યા છે ? – ઉત્તરપ્રદેશ
7. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાનારી પાંચ વન ડે ની સીરિઝ માટે ભારતની અન્ડર 23 ટીમમાં ગુજરાતના સૌરાષ્ટ્રના કયા ક્રિકેટરનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – શ્રી સમર્થ વ્યાસ
8. 'વન નેશન, વન ચલણ' અંતર્ગત પ્રાયોગિક ધોરણે ગુજરાતમાં સૌપ્રથમ કયા શહેરમાં નેશનલ ઈ–ચલણ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે ? – અમદાવાદ
9. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ નવનિર્મિત ધન્વંતરિ ગૌમાતા હોસ્પિટલનું લોકાર્પણ કરાવ્યું છે ? – બનાસકાંઠા જિલ્લાના ટેટોડા ગામે
10. ઉત્તમ પશુઓલાદથી મહત્તમ દૂધ ઉત્પાદન મેળવવા માટે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતમાં કયાંથી ગુજરાતના પ્રથમ અને ભારતના ત્રીજા ક્વોરેનટાઈન સ્ટેશનનું લોકાર્પણ કર્યુ છે? –મહેસાણા
11. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી કૃષિ આશીર્વાદ યોજના' લોન્ચ કરવામાં આવી છે ? – ઝારખંડ
12. 'શ્રીદેવી : ગર્લ વુમન સુપરસ્ટાર' પુસ્તકના લેખકનું નામ શું છે ? – શ્રી સત્યાર્થ નાયક
13. તાજેતરમાં કયા દેશમાં વિશ્વમાં સૌથી ઊંચાઈ પર આવેલા સરોવર કાઝિન સારા સરોવરની શોધ કરવામાં આવી છે ? – નેપાળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

14. તાજેતરમાં પ્રસિધ્ધ ડચ ખેલાડી શ્રી વેસ્લે શ્રાઈડરે કઈ રમતમાંથી નિવૃત્તિ જાહેરાત કરી છે ? – ફૂટબોલ

15. તાજેતરમાં ગ્વાટેમાલાના નવા રાષ્ટ્રપતિ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ? – શ્રી અલજાન્દ્રો જિયામેતી

16. તાજેતરમાં ફ્રાન્સનો પુરસ્કાર મેળવનારા ભારતના પ્રથમ શેફ કોણ છે ? – શ્રી પ્રિયમ ચેટર્જી

17. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ' લોન્ચ કરવામાં આવ્યું છે ?
– જળ શકિત મંત્રાલય

18. તાજેતરમાં વિશ્વની કઈ કંપની દ્વારા હારમની નામની ઓપરેટિંગ સિસ્ટમ લોન્ચ કરવામાં આવી છે ? – હુવાવે

19. તાજેતરમાં ભારતના કયા સંગઠન દ્વારા યાત્રીઓની સુરક્ષા માટે 'ઓપરેશન નંબર પ્લેટ' લોન્ચ કરવામાં આવ્યું છે?
– રેલવે સુરક્ષા દળ(RPF)

20. તાજેતરમાં ભારતની કઈ IITના સંશોધકોએ ઓછા ખર્ચ વાળું બ્લડ ટેસ્ટ ડિવાઈસ વિકસાવ્યું છે ? –IIT ખડગપુર

21. તાજેતરમાં ભારતનું પ્રથમ ખાનગી અવકાશ વિજ્ઞાન મ્યુઝિયમ કયા શહેરમાં ખુલ્યું છે ? – હૈદરાબાદ

22. તાજેતરમાં ભારતના કયા પૂર્વ એથ્લેટની 'એથ્લીટ્સ કમિશન ઓફ ધ એશિયન એથલેટિક્સ એસોસિયેશન'ના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી પી.ટી. ઉષા

23. તાજેતરમાં 14મા વિશ્વ શિક્ષણ શિખર સમ્મેલનમાં ભારતના કયા રાજ્યે 'બેસ્ટ ઈનોવેશન એન્ડ ઈનિશિયેટિવ લીડરશિપ એવોર્ડ' જીત્યો છે ? – રાજસ્થાન

24. લોકોને તેમના ઘર સુધી સરકારી સેવા ઉપલબ્ધ કરાવવા માટે તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'વિલેજ વોલન્ટિયર સિસ્ટમ' લોન્ચ કરવામાં આવી છે ? – આંધ્રપ્રદેશ

25. તાજેતરમાં માત્ર 9 વર્ષની ઉંમરે માઉન્ટ કિલિમાંજારો શિખર સર કરનાર શ્રી અદ્વૈત ભારતીય ભારતના કયા શહેરના વતની છે ? – પૂણે

26. વિશ્વ જૂનિયર રેસલિંગ ચેમ્પિયનશિપમાં 18 વર્ષ બાદ ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય રેસલર કોણ છે ?
– શ્રી દીપક પુનિયા

27. તાજેતરમાં ભારતની કઈ IITના સંશોધકોએ 'ગ્રાસ્પમેન' નામનો મલ્ટી મોડલ રોબોટ વિકસાવ્યો છે.. કે જે માણસની જેમ વસ્તુઓ પણ પકડી શકે છે ? – IIT મદ્રાસ

28. તાજેતરમાં ભારત સરકારના કયા મંત્રાલયે સ્વચ્છ સર્વેક્ષણ 2020ની પાંચમી આવૃત્તિ લોન્ચ કરી છે?
– કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો અંગેનું મંત્રાલય

29. તાજેતરમાં પોતાના ગ્રાહકો માટે નેગેટિવ વ્યાજ દર શરૂ કરનાર 'જિસ્ક બેન્ક' કયા દેશની ત્રીજી સૌથી મોટી બેન્ક છે ?
– ડેન્માર્ક

30. તાજેતરમાં તમિલનાડુ સરકાર દ્વારા ડો. એ.પી.જે. અબ્દુલ કલામ પુરસ્કારથી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?
– શ્રી કે. સિવાન (ISRO ના અધ્યક્ષ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE®
**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય કલાર્ક, સિનિયર કલાર્ક, તલાટી, જુનિયર કલાર્ક, PSI/ASI/CONSTABLE, આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી

કરંટ અફેર્સની ઓછા સમયમાં શ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી

વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી

અનુચ્છેદ 370, ચંદ્રયાન-2, ભારત સરકારનું નવું મંત્રી મંડળ, ગુજરાત તથા ભારત સરકારના વર્ષ 2019-20ના નવા બજેટ વિશે વિશેષ માહિતી

ગુજરાત, ભારત તથા વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

બિનસચિવાલય કલાર્ક સહિતની ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

## કરન્ટ અફેર્સ
**JAN TO AUG 2019**




**AVAILABLE NOW**

કરન્ટ અફેર્સના 1500+ પ્રશ્ન જવાબો

વધુ માહિતી માટે CALL 93753-01110

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

Available at amazon

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- **સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.**
- **ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.**
- **પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.**
- **જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.**
- **વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.**
- **અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.**
- **સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.**